**બિડાણ:** ઉપ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના તા.૨૪.૦૭.૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : GAD / MSM / e-file / 1 / 2022 / 2118 / KH3

**વિષય:** વર્ગ–૪ના કર્મચારીઓને આપવાના થતા ગણવેશ માટેના કાપડના ભાવમાં સ્પષ્ટતા કરવા બાબત....

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/ વર્ગ–૪ /ગણવેશ –સિલાઈ/૨૦૨૪** 6533-42

**તા: 30/૧૦/૨૦૨૪**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ:** સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪.૦૭.૨૦૨૪નો ઠરવાની નકલ.

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું</u> :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– આ સાથે સામેલ નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના તા.૨૪.૦૭.૨૦૨૪ના ઠરાવમાં થયેલ સ્પષ્ટતા બાબતે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ સદર થયેલ સુધારા બાબતે વર્ગ–૪ ના દરેક કર્મચારીઓના ધ્યાન ઉપર અચૂક લાવવા જણાવવામાં આવે છે.

વર્ગ-૪ના કર્મચારીઓને આપવાના થતા ગણવેશ માટેના કાપડના ભાવમાં સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2022/2118/KH3
સચિવાલય,ગાંધીનગર.
તા. /૦૭/૨૦૨૪.

<u>વંચાણે લીધા</u>:
(૧) સા.વ.વિ.નો તા.૨૦/૦૭/૨૦૨૩ નો ઠરાવ ક્ર.: GAD/MSM/e-file/1/2022/2118/KH3.

<u>આમુખ</u>:-
સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશ/ગરમ ગણવેશનું કાપડ અને તેની સિલાઈ, બૂટ/ચંપલ, રેઈનકોટ અને ધોલાઈ ભથ્થાંના દરોમાં સુધારો કરવામાં આવેલ છે. પરંતુ રાજ્ય સરકારની કેટલીક કચેરીઓ દ્વારા વર્ગ-૪ના કર્મચારીઓને આપવાના થતા ગણવેશ માટેના કાપડના ભાવમાં સ્પષ્ટતા અંગે મળેલ વિવિધ રજૂઆતોને ધ્યાને લઇને વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ</u> :-

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૩ના ઠરાવથી વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશ/ગરમ ગણવેશનું કાપડ અને તેની સિલાઈ, બૂટ/ચંપલ, રેઈનકોટ અને ધોલાઇ ભથ્થાના દરોમાં સુધારો કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવના મુદ્દા ક્રમાંક-૨ માં દર્શાવેલ કોષ્ટકની આખરી સુધારેલ ભાવની કોલમમાં "પ્રતિ સેટ"દર્શાવેલ છે તેના સ્થાને " બે જોડી માટે" એમ વંચાણે લેવાનું રહેશે.

૩. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.
ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શિવાંગી ચૌધરી)
સરકારના ઉપસચિવ

પ્રતિ,
ü માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ સચિવાલય,ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગોને જાણ સારુ તથા તેમના તાબા હેઠળના ખાતાના વડા અને કચેરીઓને જાણ કરવા સારુ.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી(તમામ)
ü સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
ü સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
ü સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
ü રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
ü સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યૂનલ, ગાંધીનગર.
ü સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
ü સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
ü સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર
સિસ્ટમ મેનેજર, સામાન્ય વહીવટ વિભાગ, વેબસાઇટ પર મૂકવા સારુ.
પસંદગી ફાઇલ.
--------------------
ü પત્ર દ્વારા

Signature valid
Signed by:Shivangikumari Chaudhari
Under Secretary
Date: 2024.07.24 15:47:54 +05:30

વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશ/ ગરમ ગણવેશનું કાપડ અને તેની સિલાઇ, બૂટ/ચંપલ, રેઇનકોટ અને ધોલાઇ ભથ્થાના દરોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2022/2118/KH3
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૦૭/૨૦૨૩

૨૮૭૨
24 JUL 2023
જીએમ-૩ શાખા

**વંચાણે લીધા:**

(૧) સા.વ.વિ.નો તા.૧૯/૦૭/૨૦૦૧ નો ઠરાવ ક્ર.:ગણવ/૨૨૯૭/૨૫૮૩/ખ-૩.
(૨) સા.વ.વિ.નો તા.૦૭/૧૦/૨૦૦૫ નો ઠરાવ ક્ર.:ગણવ/૨૩૦૩/૨૨૦૪/ખ-૩.
(૩) સા.વ.વિ.નો તા.૧૫/૦૯/૨૦૦૮ નો ઠરાવ ક્ર.:ગણવ/૨૦૦૬/૨૫૭૯/ખ-૩.
(૪) સા.વ.વિ.નો તા.૧૭/૦૨/૨૦૧૪ નો ઠરાવ ક્ર.:ગણવ/૧૦૨૦૧૩/૫૨૮/ખ-૩.
(૫) સા.વ.વિ.નો તા.૨૮/૦૨/૨૦૧૪ નો ઠરાવ ક્ર.:સીએલઓ/૧૦૨૦૧૩/૧૩૧૩/ખ-૩.
(૬) સા.વ.વિ.નો તા.૧૩/૧૦/૨૦૦૪ નો ઠરાવ ક્ર.:ગણવ/૨૩[illegible]/૪૦૨/ખ-૩.

**આમુખ:-**

રાજ્ય સરકારની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓની વહીવટી દ્રષ્ટિએ ચોક્કસ ઓળખ તથા કામકાજમાં એકસૂત્રતા જળવાઇ રહે, તે માટે સરકારશ્રી દ્વારા ગણવેશ નિયત કરવામાં આવેલ છે તેમજ તે માટે કર્મચારીઓને ગણવેશનું કાપડ અને તેની સિલાઇ તથા ધોલાઇ ભથ્થું, બૂટ/ચંપલ અને રેઇનકોટ જેવી સુવિધાઓ પણ સરકારશ્રી તરફથી આપવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) થી (૫)માં વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશનું કાપડ અને તેની સિલાઇ, બૂટ/ચંપલ, રેઇનકોટ અને ધોલાઇ ભથ્થાના દરો નિયત કરવામાં આવેલ છે. ત્યાર બાદ વખતોવખત થયેલ ભાવવધારાને અનુલક્ષીને આ દરોમાં વધારો કરવા ગુજરાત સચિવાલય સ્ટાફ ચોથા વર્ગ કર્મચારી એસોસિયેશન, ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ અને ગુજરાત રાજ્ય હાથસાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ. તરફથી વારંવાર રજૂઆતો થયેલ હતી. જે રજૂઆતોને ધ્યાને લઇને વર્ગ-૪ના કર્મચારીઓના ગણવેશ અને તેની સિલાઇ, બૂટ/ચંપલ, રેઇનકોટ અને ધોલાઇ ભથ્થાં અંગેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૫) માં સુધારો કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

૨. પ્રસ્તુત બાબતમાં પુખ્ત વિચારણા કરીને વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક(૨)માં નિર્દિષ્ટ ઠરાવમાં સુધારો કરીને હવેથી વર્ગ-૪ ના સ્ત્રી/પુરુષ કર્મચારીઓને વાર્ષિક બે જોડીના ગણવેશ માટે નીચે દર્શાવેલ સુધારેલ ભાવ અનુસાર કાપડ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | પુરુષ કર્મચારીઓને આપવાનું થતું ગણવેશ માટેનું કાપડ | પનો (સે.મી.માં) | ૧ જોડીનું માપ (મીટર) | સુધારેલ ભાવ (પ્રતિ સેટમાં) |
|---|---|---|---|---|
| ૧ | શર્ટ માટે લાઇટ એશ(બ્લૂ) રંગનું ૮૦% પોલીએસ્ટર અને ૨૦% વિસ્કોઝ કાપડ | ૮૯.૦૦ | ૨.૩૦ | ૬૩૫/- |
| ૨ | પેન્ટ માટે ડાર્ક સ્ટીલ ગ્રે રંગનું ૬૭% પોલીએસ્ટર અને ૩૩% કોટન કાપડ | ૧૩૭.૦૦ | ૧.૩૦ | |

| ક્રમ | સ્ત્રી કર્મચારીઓને આપવાનું થતું ગણવેશ માટેનું કાપડ | પનો | ૧ જોડીનું માપ (મીટર) | સુધારેલ ભાવ (પ્રતિ સેટમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦% પોલીએસ્ટર કાપડની લાઇટ એશ (બ્લૂ) રંગની સાડી | ૧૧૪ સે.મી. | ૫.૦૦ | ૧૬૫૦/- |
| ૨ | ૬૭% પોલીએસ્ટર અને ૩૩% કોટન પ્રકારનું લાઇટ એશ(બ્લૂ) રંગનું બ્લાઉઝનું કાપડ | ૩૬ ઇંચ | ૦.૯૦ | |
| ૩ | ૧૦૦% કોટન પ્રકારનું કાપડની લાઇટ એશ બ્લૂ રંગનું પેટીકોટ(ચણિયા)નું કાપડ | ૮૯ સે.મી. | ૨.૫૦ | |

૩. વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક(૩)માં નિર્દિષ્ટ ઠરાવમાં સુધારો કરીને હવેથી વર્ગ-૪ના પુરુષ કર્મચારીઓના ગરમ ગણવેશ અને ટેરીકોટન (પોલીવસ્ત્ર) ગણવેશના સિલાઇ માટે નીચે મુજબના નવા દર આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | પુરુષ કર્મચારીઓ માટે | સુધારેલ દર |
|---|---|---|
| ૧. | ગરમ ગણવેશ (દર ચાર વર્ષે) એક જોડ (કોટ-પેન્ટ) ની સિલાઇ ખર્ચ(અસ્તર સહિત) | રૂ.૯૦૦/- |
| ૨. | ટેરીકોટન (પોલીવસ્ત્ર) ગણવેશ(બે જોડ)(વાર્ષિક)ના સિલાઇના દર | રૂ.૧૨૦૦/- |

૪. વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક(૧)માં નિર્દિષ્ટ ઠરાવમાં સુધારો કરીને હવેથી ચોથા વર્ગના કર્મચારીઓને **"દર ચાર વર્ષે એક નંગ રેઇનકોટની કિંમત જેટલી રકમ અથવા રૂ.૪૯૦/- બે માંથી જે ઓછી હોય તેટલી જ રકમ"** મળવાપાત્ર થશે. વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક(૪)માં નિર્દિષ્ટ ઠરાવમાં સુધારો કરીને હવેથી ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશના ભાગરૂપે **"દર બે વર્ષે બૂટ/લેડીઝ બૂટ અને ચંપલની કિંમત(ટેક્સ સહિત) જેટલી રકમ અથવા રૂ.૮૦૦/- એ બે માંથી જે ઓછી હોય તે રકમ"** ની ચુકવણી કરવા તથા વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક(૫)માં નિર્દિષ્ટ ઠરાવમાં સુધારો કરીને હવેથી ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ માટે **"વ્યક્તિદીઠ માસિક રૂ.૨૦૦/- ધોલાઇ ભથ્થું"** ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે. વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક(૬)ની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરાવવા સર્વે સંબંધિત કચેરીઓના અધિકારીઓને નોંધ લેવા તથા સદર બાબત કચેરીના વર્ગ-૪ના દરેક કર્મચારીઓના ધ્યાન ઉપર અચૂક લાવવા જણાવવામાં આવે છે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૦૫/૨૦૨૩ અને સરકારશ્રીની તા.૦૭/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી બાદ કરવામાં આવે છે.

૬. આ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
સરકારના નાયબ સચિવ,

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી,